RNI. No.GUJGUJ/2014/56392

ક્રાઈમ કિંગ
Crime King
Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. 45 ✳Date:26.02.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

પ્રધાનમંત્રીએ પુડુચેરીમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય રાજમાર્ગ ૪૫-એ (NH45-A)ના ૪ લેનિંગ માટે શિલાન્યાસ કર્યો હતો, જે કરાઈકલ જિલ્લા અને કરાઈકલ જિલ્લા (જિપમેર)માં કરાઈકલ ન્યૂ કેમ્પસ-પ્રથમ તબક્કામાં મેડિકલ કોલેજ બિલ્ડિંગને આવરી લે છે. તેમણે સાગરમાલા યોજના અંતર્ગત પુડુચેરીમાં એક નાનાં બંદરના વિકાસ માટે અને પુડુચેરીમાં ઈન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં સિન્થેટિક એથ્લેટિક ટ્રેકનો શિલાન્યાસ પણ કર્યો હતો. શ્રી મોદીએ પુડુચેરીમાં જવાહરલાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (જિપમેર)માં બ્લડ સેન્ટર અને પુડુચેરીમાં લોસ્પેતમાં મહિલા રમતવીરો માટે ૧૦૦ બેડની ગર્લ્સ હોસ્ટેલનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે નવનિર્મિત હેરિટેજ મેરી બિલ્ડિંગનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, પુડુચેરીની ધરતી સંતો, વિદ્વાનો અને કવિઓ તેમજ મહાકવિ સુબ્રમનિય ભારતી અને શ્રી અરવિંદ જેવા ક્રાંતિકારીઓની ભૂમિ છે. વિવિધતાના પ્રતીક તરીકે પુડુચેરીની પ્રશંસા કરીને તેમણે જણાવ્યું હતું કે, અહીં લોકો વિવિધ ભાષાઓ બોલે છે, વિવિધ ધર્મમાં માને છે, પણ એક થઈને હળીમળીને રહે છે. નવનિર્મિત મેરી બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ બિલ્ડિંગ પ્રોમેનાદે દરિયાકિનારાની સુંદરતામાં વધારો કરશે અને વધુ પ્રવાસીઓને આકર્ષશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, દ્રઝ્ઝ ૪૫-છના ફોર લેનિંગ સાથે ભારત કરાઈકલ જિલ્લાને આવરી લેશે અને પવિત્ર સનીસ્વરન મંદિર સાથે જોડાણને સુધારશે તથા બેસિલિકા ઓફ અવર લેડી ઓફ ગૂડ હેલ્થ અને

નાગોર દરગાહ સુધી સરળ આંતરરાજ્ય જોડાણ પણ પૂરું પાડશે. તેમણે ઉમેર્યું હતું કે, સરકારે ગ્રામીણ અને દરિયાકિનારાના વિસ્તારોમાં જોડાણને સુધારવા કેટલાંક પ્રયાસો કર્યા છે તથા એના પગલે કૃષિ ક્ષેત્રને લાભ થશે. તેમણે કહ્યું હતું કે, કૃષિ ઉત્પાદનો સમયસર સારાં બજારોમાં પહોંચે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારની છે અને એ લક્ષ્યાંક પાર પાડવા સારાં માર્ગો સહાયક બનશે. તેમણે એવું પણ કહ્યું હતું કે, રોડને ફોર લેન કરવાથી આ વિસ્તારમાં આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે અને સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો પેદા થશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, છેલ્લાં સાત વર્ષમાં ભારતે ફિટનેસ અને વેલનેસ સુધારવા ઘણા પ્રયાસો કર્યા છે તેમજ આર્થિક સમૃદ્ધિ સારા સ્વાસ્થ્ય સાથે જોડાયેલી છે. આ સંદર્ભમાં તેમણે ખેલો ઈન્ડિયા યોજનાના ભાગરૂપે સ્પોર્ટ્સ સંકુલમાં ૪૦૦ મીટરના સિન્થેટિક એથ્લેટિક ટ્રેક માટે શિલાન્યાસ કર્યો હતો. આ ભારતીય યુવા પેઢી વચ્ચે રમતગમતની પ્રતિભાઓને પોષશે. તેમણે જણાવ્યું હતું કે, પુડુચેરીમાં રમતગમતની સારી સુવિધા ઊભી થવાની સાથે આ રાજ્યના યુવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમત માટે જરૂરી ઉત્કૃષ્ટતા હાંસલ કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, લોસ્પેતમાં આજે ઉદ્ઘાટન થયેલી ૧૦૦ બેડની ગર્લ્સ હોસ્ટેલ હોકી, વોલીબોલ, વેઈટલિફ્ટિંગ, કબડ્ડી અને હેન્ડબોલના ખેલાડીઓને સમાવશે, જેમને એસએઆઈ (સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ના વિવિધ કોચ તાલીમ આપશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આગામી વર્ષોમાં હેલ્થકેર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તમામને ગુણવત્તાયુક્ત હેલ્થકેર પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે જિપમેરમાં બ્લડ સેન્ટરનું ઉદ્ઘાટન થયું છે, જે લોહીનો, બ્લડ પ્રોડક્ટનો લાંબા ગાળા માટે સંગ્રહ કરવા અને સ્ટેમ સેલ્સ બેંકિંગ માટે અદ્યતન સુવિધા ધરાવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ સુવિધા સંશોધન પ્રયોગશાળા અને ટ્રાન્સફ્યુઝનના તમામ પાસાઓમાં વ્યક્તિગત તાલીમ આપવા માટે તાલીમ કેન્દ્ર તરીકે કામ કરશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુણવત્તાયુક્ત હેલ્થકેરને પ્રોત્સાહન આપવા આપણે ગુણવત્તાયુક્ત અને કુશળ આરોગ્યકર્મીઓની જરૂર છે. કરાઈકલના નવા કેમ્પસમાં મેડિકલ કોલેજ બિલ્ડિંગનો પ્રથમ તબક્કાનો પ્રોજેક્ટ પર્યાવરણને અનુકૂળ સંકુલ ધરાવે છે અને એમબીબીએસના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જરૂરી તમામ અદ્યત્તન શૈક્ષણિક સુવિધાઓ ધરાવશે. સાગરમાલા યોજના અંતર્ગત પુડુચેરી પોર્ટ ડેવલપમેન્ટનો શિલાન્યાસ કરીને પ્રધાનમંત્રી મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, એકવાર આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી એનાથી માછીમારોને મદદ મળશે, જેઓ આ પોર્ટનો ઉપયોગ દરિયાઈમાં માછીમારી માટે કરે છે. આ ચેન્નાઈ સાથે દરિયાઈ જોડાણની જરૂરિયાત પૂરી કરશે. વળી આ પોર્ટ પુડુચેરીના ઉદ્યોગો માટે કાર્ગો અવરજવરની સુવિધા આપશે અને ચેન્નાઈ પોર્ટમાં લોડિંગનું ભારણ ઘટાડશે. તેમણે કહ્યું હતું કે, એનાથી દરિયાઈ શહેરો વચ્ચે પેસેન્જર ટ્રાફિકની સંભવિતતાઓ ઊભી થશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારી સહાયનું લાભાર્થીઓના ખાતામાં સીધું હસ્તાંતરણ (ડીબીટી)થી લાભાર્થીઓને વિવિધ કલ્યાણકારક યોજનાનો લાભ મેળવવામાં મદદ મળી છે. તેમણે કહ્યું હતું કે, આ લોકોને તેમની પસંદગીઓ કરવા સક્ષમ બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, પુડુચેરી શ્રેષ્ઠ માનવ સંસાધન ધરાવે છે, કારણ કે અહીં સરકારી અને ખાનગી એમ બંને ક્ષેત્રમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ છે. વળી રાજ્ય ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસની ઘણી સંભવિતતા ધરાવે છે, જે રોજગારીની અને અન્ય ક્ષેત્રોમાં ઘણી તકો પ્રદાન કરશે. પ્રધાનમંત્રીએ તેમની વાત પૂરી કરતાં કહ્યું હતું કે, "પુડુચેરીના લોકો પ્રતિભાશાળી છે. આ ભૂમિ સુંદર છે. હું અહીં પુડુચેરીના વિકાસ માટે મારી સરકારના સંપૂર્ણ સાથસહકારની ખાતરી આપવા આવ્યો છું.

ખાનગી ક્ષેત્રની બેંકોને સરકારી કામકાજ કરવાની મંજૂરી મળી

પેન્શન, ટેક્સ અને નાની બચત યોજનાઓ પણ ચલાવશે ખાનગી બેંકો

ન્યુ દિલ્હી,

કેન્દ્રમાં મોદી સરકારે ખાનગી બેંકો પર સરકારી કામકાજ કરવા પર લાગેલા પ્રતિબંધને હટાવી લીધો છે. આ અંગે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બુધવારે ટ્વીટ કરી માહિતી આપી હતી, તેમણે ટ્વીટ દ્વારા જણાવ્યું હતું કે હવેથી ખાનગી બેંકો ભારતના અર્થતંત્રના વિકાસમાં સરકારી બેંકોની જેમ જ મહત્વનો ફાળો આપી શકશે. નાણાં મંત્રીએ આ અંગે આગળ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી સરકારની સામાજીક કલ્યાણની યોજનાઓનો વિસ્તાર બહોળો થશે અને ગ્રાહકોની સુવિધામાં વધારો થશે. ખાનગી બેંકો પર સરકારી કામકાજ ન કરવાના પ્રતિબંધ હટવાથી સરકાર સાથે સંકળાયેલા બેંકિંગમાં ટેક્સ કલેક્શન, મહેસૂલ સંબંધિત લેવડ-દેવડ, પેન્શન ચૂકવણી અને કિસાન બચત પત્ર જેવી નાની બચત યોજનાઓમાં પણ ખાનગી બેંકો દ્વારા રોકાણ આવશે. તેમના જણાવ્યા મુજબ RBI આગામી સમયમાં અન્ય સરકારી કામકાજના સંચાલનની મંજૂરી પણ ખાનગી ક્ષેત્રની બેંકોને સોંપી શકે છે. નાણાં મંત્રીની આ જાહેરાત સાથે જ નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં જોરદાર ઉઠાળો આવતા ૩૬,૪૮૩ પર પહોંચી ગયો હતો. આ સાથે ખાનગી ક્ષેત્રની બેંકો જેવી કે એક્સિક બેંક, આઈસીઆઈસીઆઈ અને એચડીએફસીના શેરમાં ૪થીપ ટકાનો ઉછાળો આવ્યો હતો.

કોરોના કહેર: દસ રાજ્યોમાં ટીમ મોકલશે કેન્દ્ર સરકાર

મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, પંજાબ, કર્ણાટક, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીરમાં કેસોમાં ઉછાળો

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના મહામારીએ ફરીવાર માથુ ઉંચકતા કેન્દ્ર સરકારે પ્રભાવિત દસ રાજ્યોમાં કેન્દ્રિય ટીમ મોકલાવાનો નિર્ણય કર્યો છે. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, પંજાબ, કર્ણાટક, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ-કાશ્મીર સામેલ છે. આ દસ રાજ્યોમાં કોરોના સંક્રમણની સ્થિતિ ગંભીર બનતી જોવા મળી રહી છે. અચાનક વધી રહેલા કોરોના સંક્રમણના કેસને લઈને કેન્દ્ર સરકારે મંગળવારે સાંજે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી અને આ પહેલા કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને દૈનિક સ્તરે ઈ-ઝઈ ટેસ્ટિંગ વધારવાની સૂચના આપી હતી. નોંધનીય છે કે, દેશમાં કોરોના સંક્રમણના વધતાં કેસને મુદ્દે દેશના કેટલાક રાજ્યોમાં કોવિડ પ્રતિબંધો ફરીવાર લાગૂ કરાયા હતા. હાલમાં મહારાષ્ટ્ર અને કેરળમાં ગંભીર સ્થિતિ બની રહી છે. મહારાષ્ટ્ર સરકારે તો પહેલા મુખ્ય શહેરોમાં રાત્રિ કર્ફ્યુ લગાવી ચૂકી છે, અહીં કેટલાક શહેરોમાં શાળા કોલેજો બંધ કરવાના આદેશ આપી દેવાયા હતા. તેમજ કોવિડ નિયમોનું કડક પાલન કરવાની સૂચના પણ વારંવાર આપવામાં આવી રહી છે. આ સિવાય સ્વાસ્થ મંત્રાલયના એક અધિકારી મુજબ પંજાબ, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમણના દૈનિક સ્તરે કેસમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો હતો.

તંત્રી સ્થાનેથી.....

બપોર બાદના સત્રમાં ફ્રન્ટલાઈન શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદી નિકળતા ભારતીય શેરબજારમાં ૧,૦૩૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે. આ સાથે બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સે ફરી ૫૦,૦૦૦ સપાટી કુદાવી લીધી છે. બેંક,ફાયનાન્સ સહિતના સેક્ટરના શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદદારી નિકળી હતી. એફએન્ડઓ સેગમેન્ટ ડેરિવેટીવ્ઝ વલણનો અંતિમ દિવસ પૂર્વે રોકાણકારોએ પસંદગીના શેરોમાં નવેસરથી પોઝિશન ઉભી કરી હતી. સેન્સેક્સ પેકમાં સૌથી વધારે એક્સિસ બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ફાયનાન્સ, એચડીએફસી, એલએન્ડટી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં વ્યાપક પ્રમાણમાં ખરીદી જોવા મળતી હતી. જ્યારે ડો.રેડ્ડીઝ લેબ, ટીસીએસ, સનફાર્મા, એશિયન પેઈન્ટ, મારુતિના શેરોમાં મંદીમય માહોલ જોવા મળતો હતો. સેન્સેક્સ પેકમાં ૩૦ પૈકી ૨૫ શેરમાં તેજી જ્યારે ૫ કંપનીના શેરમાં મંદીમય માહોલ જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૧,૦૩૦.૨૮ પોઈન્ટ એટલે કે ૧.૮૬ ટકા ઉછળી ૫૦,૭૮૧.૬૯ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭૪.૨૦ પોઈન્ટ એટલે કે ૧.૮૬ ટકાના ઉછાળા સાથે ૧૪,૯૮૨ રહી હતી. આ સાથે સેન્સેક્સે ફરી વખત ૫૦,૦૦૦ સપાટી કુદાવી દીધી છે જ્યારે નિફ્ટી ૧૫,૦૦૦ સપાટી નજીક પહોંચી ગઈ છે. વૈશ્વિક બજારો તરફથી મળેલા તેજીના સંકેતોની પણ ભારતીય શેરબજાર પર સારી અસર જોવા મળી હતી. બીએસઈ ખાતે કુલ ૩,૦૯૯ સ્ક્રીપમાં કામકાજ થયું હતું, જે પૈકી ૧,૮૫૪ સ્ક્રીપમાં તેજી જ્યારે ૧,૦૮૧ સ્ક્રીપમાં મંદીમય માહોલ જોવા મળ્યો હતો. જોકે ૧૬૪ સ્ક્રીપના ભાવ સ્થિર રહ્યા હતા. આ અગાઉ નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ઈક્વિટી અને ઈક્વિટી ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ સેગમેન્ટમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ ફરી કામકાજ શરૂ થઈ ગયું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે આજે પાંચ વાગ્યા સુધી કામકાજ જારી રહેશે. આ અગાઉ નેશનલ સ્ટોક એક્સચેન્જની સિસ્ટમમાં આજે સવારે ૧૧:૪૦ વાગે ટેકનિકલ ખામી સર્જાઈ હતી. રોકાણકારોએ જે કિંમત પર શેર ખરીદ્યા હતા તે કિંમત એક્સચેન્જ પર દેખાવાના બંધ થઈ ગયા હતા. તેને લીધે એક્સચેન્જ ખાતે કામકાજને અટકાવવાની ફરજ પડી હતી. નિફ્ટી-૫૦નું કામકાજ અટકાવવામાં આવ્યું ત્યારે ઈન્ડેક્સ ૧૧૨.૬૫ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકા સુધરી ૧૪,૮૨૦.૪૫ પર હતો. આ સંજોગોમાં એક્સચેન્જનું કામકાજ ૩.૪૫ વાગ્યાથી ફરી શરૂ થયું છે અને બજાર કામકાજ પૂર્ણ થવાનો સમય પણ લંબાવીને ૫ વાગ્યા સુધી કરવામાં આવ્યો હતો.

એક યુવકે નામ પાછળ સિંહ લખતા વિવાદ: હટાવી લેવા ચીમકી

અમદાવાદ,

તાજેતરમાં જ ગુજરાત રાજયના અનેક ગામડાઓમાં દલિતો સાથે અન્યાય થતો હોવાની ઘટનાઓ બની હતી. અરવલ્લી જિલ્લાના એક ગામમાં પણ દલિત યુવકનો વરઘોડો નીકળતા ધીંગાણું સર્જાયું હતું. ત્યારે વધુ એક આવી ઘટના બની છે. જેમાં અનુસૂચિત જાતિના એક યુવકે સોશિયલ મીડિયામાં નામ પાછળ 'સિંહ' લખતા અને યૂઝર આઈડીમાં રાણા લખતા તેના જ ગામના લોકોએ 'સિંહ' શબ્દ હટાવવા ધમકી આપી હતી. યુવક 'સિંહ' શબ્દ ન હટાવે તો તેને છરી મારી દેશે તેવી ધમકી આપવામાં આવતા યુવકે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મૂળ પાટણના હારીજના કુકરાણા ગામનો અને હાલ અમદાવાદ સાબરમતીમાં રહેતો વિવેક ભાટેસરા ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરે છે. હાલ તે અમદાવાદમાં માતાપિતા સાથે રહે છે. વિવેક વોટ્સએપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ સાઈટ્સનો ઉપયોગ કરે છે.

તેના ઈન્સ્ટાગ્રામ આઈડીનું યૂઝર નેમ વિવેકસિંહ૦૧૪૦૮ છે. તેના ગામમાં મોટાભાગની વસ્તી એક ચોક્કસ જ્ઞાતિની છે. આ યુવકનો આક્ષેપ છે કે, આ જ્ઞાતિના લોકો અનુસૂચિત જાતિના લોકો પર વર્ષોથી ત્રાસ ગુજારી ભેદભાવ રાખે છે. લગ્નના વરઘોડા નીકળે ત્યારે પણ તેઓ આ જ્ઞાતિના લોકોનો અત્યાચાર સહન કરતા આવ્યા છે. પરંતુ યુવકની અનુસૂચિત જાતિના લોકો ઓછા હોવાથી સામે વાળી ચોક્કસ જ્ઞાતિના લોકોનો અત્યાચાર તેઓ વર્ષોથી સહન કરતા આવ્યા છે. વિવેકના સોશિયલ મીડિયા એકાઉન્ટ સાથે તેના ગામના અનેક લોકો જોડાયેલા છે. તેણે ઈન્સ્ટાગ્રામ આઈડીમાં વિવેકસિંહ રાણા લખેલું હોવાથી તેના ગામના ચાર લોકોએ જાતિગત દ્વેષભાવ રાખી વિવેકને ધમકી આપી હતી. તારીખ ૧૯ રોજ જયદીપસિંહ વાઘેલાનો વિવેક પર ફોન આવ્યો હતો. જયદીપસિંહે કહ્યુ હતુ કે, તમે લોકો ક્યારથી સિંહ લખાવતા થઈ ગયા છો? સિંહ કાઢી નાખજે નહીં તો છરીઓ મારી દઈશું અને ગામમાં પગ પણ નહીં મૂકવા દઈએ." જયદીપસિંહની સાથે અનિલ વાઘેલા, જયરાજસિંહ વાઘેલા, કુલદીપસિંહ વાઘેલાએ વિવેકને અમદાવાદ આવી માર મારવાની ધમકી આપી હતી. આ શખ્સોએ જાતિવિષયક શબ્દો બોલી વિવેકને ધમકી આપી હતી.

ભરૂચની ઝઘડિયા જીઆઈડીસી બ્લાસ્ટ: અત્યાર સુધી ૨૫ લોકો ઘાયલ, ૩ના મોત અને ૪ લાપતા



ભરૂચ,

ભરૂચની ઝઘડિયા GIDC માં બ્લાસ્ટ મામલામાં અત્યાર સુધીમાં ૩ લોકોના મૃતદેહ કાટમાળમાંથી મળી આવ્યા છે જ્યારે બ્લાસ્ટ બાદ હજુ પણ ૪ લોકો લાપતા છે. આ ગોઝારા બ્લાસ્ટમાં ૨૫ જેટલા કર્મચારીઓ ઘાયલ થયા હતા. ઝઘડિયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગુજરાતના ભરુચ જિલ્લામાં મંગળવારની સવાર અમંગળ લઈને આવી હતી. અહીંની ઝઘડિયા સ્થિત કેમિકલ કંપની યૂપીએલ - પના પ્લાન્ટમાં ધમાકા સાથે આગ લાગી હતી. આ ધમાકા અને આગની ઝપેટમાં ૨૫ લોકો ઘાયલ થયા છે. આ ઘટના વહેલી સવારે ૨ વાગે બની હતી. ઘટનાની જાણ થતાં જ ઘટના સ્થળે અનેક ફાયરબ્રિગેડની ગાડીઓ પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કોશિશ કરાઈ રહી છે. કંપનીના સીએમ નામના પ્લાન્ટમાં આ દુર્ઘટના બની હતી. ધમાકાનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના ૧૨ કિમી સુધી અવાજ સંભળાયો અને ભૂકંપ જેવું અનુભવાયું હતું. ગામના લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા. યૂપીએલની કંપનીમાં બ્લાસ્ટ થતાં આગ લાગવાથી લગભગ ૨૫ કર્મચારીઓ ઘાયલ થયા હતી. તેમને ભરુચ અને વડોદરાની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતી. બ્લાસ્ટ કયા કારણે થયો તે હજુ સુધી જાણવા મળ્યું નથી. આગ પર કાબૂ મેળવવાની કોશિશ કરાઈ રહી છે. આગના કારણે ચારે તરફ ધુમાડાના ગોટા જોવા મળી રહ્યા હતી.

દહેગામમાં પિતાને કિડની આપી આપનારા પુત્રનું રોડ અકસ્માતમાં નિધન

દહેગામ

પિતાને કિડની નું દાન આપી નવ જીવન આપનાર ગાંધીનગરના ૨૭ વર્ષીય ખુમાનસિંહ રાણાનું આજે પરોઢિયે દહેગામના પાલૈયા પાસે માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નિપજ્યું છે. કરજોદરા મુકામે ચૂંટણી પ્રચાર કરીને ઘરે પરત ફરતી વખતે કાર ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાતાં ખુમાનસિંહ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અકસ્માતના પગલે જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ અંગે દહેગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના મૂળ ધણપ ગામના વતની અને હાલમાં સેક્ટર ૨૧ ખાતે રહેતા ખુમાનસિંહ રાણા શહેર કોંગ્રેસ વોર્ડ ૩ ના પ્રમુખ તરીકેની કામગીરી કરતા હતા. જ્યારે તેમના પિતા અમરસિંહ રાણા જિલ્લા માહિતી વિભાગમાં સારથી તરીકે ફરજ બજાવતા હતા. પરિવાર ખુશખુશાલ જીવન પસાર કરી રહ્યો હતો. અચાનક અમરસિંહ રાણાને કિડનીની બિમારી હોવાનું માલૂમ પડ્યું હતું. અચાનક આવી પડેલી ઘરના મોભીની કિડનીની બીમારીથી પરિવાર પર આભ તૂટી પડયું હતું. લાખો રૂપિયા ખર્ચ કરીને પણ કિડની ખરીદી શકે તેવી સ્થિતિમાં પરિવાર ન હતો. ત્યારે મોટા દીકરા અને નાના દીકરાએ પિતાને કિડની આપવાની તૈયારી દર્શાવી હતી. બાદમાં જરૂરી તબીબી પરિક્ષણ પછી પુત્ર ખુમાનસિંહની કિડની મેચ થઈ હતી.

તમામ તબીબી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પુત્ર ખુમાનસિંહએ પોતાની એક કીડની આપીને પિતાને નવજીવન અર્પી સમાજમાં ઉત્તમ દાખલો બેસાડ્યો હતો. ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ કડજોદરા બેઠક પરથી ઉમેદવારી નોંધાવતા ૨૭ વર્ષીય ખુમાનસિંહ રાણા ચૂંટણીપ્રચાર અર્થે કડજોદરા મુકામે ગયા હતા. ચૂંટણીપ્રચાર પતાવીને ખુમાનસિંહ પોતાની કાર લઈને આજે પરોઢિયે ગાંધીનગર પરત ફરી રહ્યા હતા ત્યારે બાયડ રોડ પાલૈયા નજીક તેમની કાર ડિવાઈડર સાથે ધડાકાભેર ટકરાઈ હતી. ડિવાઈડરનો થાંભલો તૂટીને કારનો કાચ તોડી તેમના માથામાં વાગ્યો હતો. બાદમાં કાર પલટી ખાઈને રોડની સાઈડ ઉતરી ગઈ હતી.

હોટેલ હયાતમાં પાયલોટના લગ્ન આઈપીએસની મદદથી થતા માન્યો આભાર

અમદાવાદ,

અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ક્રિકેટ મેચ પૂર્વે બંને ટીમના ક્રિકેટરોને આશ્રમ રોડની હયાત હોટેલમાં ઉતારો અપાયો છે. હોટલના અમુક ચોક્કસ ફ્લોર જીસીએ દ્વારા બુક કર્યા છે. ક્રિકેટરો રોકાયા હોવાથી અહી સઘન બંદોબસ્ત ગોઠવાયો છે. દરમિયાન હોટેલમાં ૨૧ ફેબ્રુઆરીએ ઈન્ડિગો ફ્લાઈટના પાઈલટ દંપતીના લગ્ન માટે હોટેલ બુક કરી હતી. બન્ને પરિવારે સોશિયલ ડિસ્ટન્સ સાથે હાજર રહેવા ૨૦૦ મહેમાનોને આમંત્રણ આપી દીધું હતું. એક મહિના પહેલા હોટેલ હયાતમાં બુકીંગ કરાવ્યુ હતુ છતાં લગ્નના એક દિવસ પહેલાં હોટેલે જગ્યા આપવા ઠાગાઠૈયા કર્યા હતા. ક્રિકેટરો હોટેલમાં આવી જતા લગ્નના આગલા દિવસે એટલે કે ૨૦ ફેબ્રુઆરીએ બુકિંગ કેન્સલ કરવા અથવા સ્થળ બદલવા પોલીસે જણાવી દીધું હતું. જેથી બંન્નેના પરિવારો સતત તણાવમા આવી ગયા હતા. લગ્ન ગ્રંથિથી જોડાનાર પતિ પત્ની ઈન્ડિગોમાં કેપ્ટન છે અને લગ્નના આગલા દિવસે જ લગ્ન રદ કરવાની નોબત આવતા બંન્ને પરિવારો દોડતા થઈ ગયા હતા.

જો કે કેપ્ટન હાર માન્યા વિના સેકટર-૧ના જેસીપી રાજુ અસારીને મળીને તેમની વેદના ઠાલવી હતી. જેના કારણે આઈપીએસ રાજુ અસારી પણ ભાવુક થઈ ગયા હતા. મધ્યમ પરિવારમાંથી અસારી આવતાં હોવાથી તેમણે માનવતાના ધોરણે જીસીએને જાણ કરીને ક્રિકેટરોનો બંદોબસ્ત વધારીને અથાગ પ્રયત્નો કરીને હયાત હોટલમાં લગ્ન કરાવવામાં મદદ કરી હતી. જેના કારણે પાયલટ યુવક અને યુવતીના પરિવારમાં ફરી ખુશીનો માહોલ સર્જાયો હતો.

આખરે પાયલટ દંપતીના શાંતિથી લગ્ન થઈ જતાં આઈપીએસ રાજુ અસારીનો આભાર માન્યો હતો. હોટેલ હયાતમાં ક્રિકેટરો માટે બુકિંગ થયું



તે પહેલાં આ પરિવારે બુકિંગ કરાવ્યું હતું, પરંતુ હોટલે ક્રિકેટ એસોસિયશનને જાણ કરી નહિ અને પરિવારને પણ ક્રિકેટરોના બુકિંગની જાણ કરી નહતી. જેના કારણે લગ્નના અગાઉ દિવસે જ પાઈલટ દંપતી ટેન્શનમાં આવી ગયુ હતુ. હોટેલ હયાતે તાજ હોટેલ માટે પરિવારને ઓફ કરી.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનું કાઉન્ટડાઉન શરૂ

કોરોનાને ધ્યાનમાં રાખી સોશલ ડિસ્ટન્સિંગ સાથે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા ગોઠવાઈ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. વિધાનસભાના બજેટ સત્રમાં ધારાસભ્યોની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવાને લઈને મોટા સમાચાર મળી રહ્યા છે. ફેબ્રુઆરીના અંતમાં મળનારા વિધાનસભાના બજેટ સત્રમાં કોરોના વાયરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કેટલાક ધારાસભ્યોને ગેલેરીમાં બેસાડવામાં આવશે. પ્રેક્ષક ગેલેરીમાં ખુરશીઓના બદલે નવી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ગત સત્રમાં રાજ્યના ધારાસભ્યોએ ટકોર કરી હતી.

જેથી વિધાનસભા બજેટ સત્રમાં ધારાસભ્યોની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં કોરોનાના કારણે પ્રેક્ષકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવશે અને પ્રેક્ષક ગેલેરીમાં ધારાસભ્યોને આરામદાયક ખુરશીમાં બેસાડવાની વ્યવસ્થા કરાશે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા રહેશે. નાણાંમંત્રી તરીકે નીતિન પટેલ ૮મી વખત બજેટ રજૂ કરશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે સત્ર પહેલા બંને પક્ષો સાથે બેઠક યોજવામાં આવશે અને તે પ્રમાણે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. ગત સત્ર દરમિયાન પડેલી મુશ્કેલી દૂર કરીને ધારાસભ્યો માટે આરામદાયક બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિધાનસભામાં સત્ર દરમિયાન સેનિટાઈઝેશન, માસ્ક અને મેડિકલ ટીમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન નાણામંત્રી નીતિન પટેલ નવમી વખત બજેટ રજૂ કરશે.. અત્યાર સુધી સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ ભાજપના પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળાના નામે છે. તેમણે ૧૮ વખત બજેટ રજૂ કર્યું હતુ. નાણામંત્રી નીતિન પટેલ દ્વારા ૨૦૨૧-૨૨નુ બજેટ રજૂ કરીને પોતાનો રેકોર્ડ પોતે જ તોડશે. નીતિન પટેલ દ્વારા અત્યાર સુધીમાં બે વખત લેખાનુદાન અને છ વખત પૂર્ણ બજેટ રજૂ કરવામાં આવ્યા છે.

ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનું નિધન, ચંદીગઢમાં લીધા અંતિમ શ્વાસ



અમદાવાદ,

ગુજરાતના પૂર્વ ડીજીપીને લઈને દુઃખદ સમાચાર મળી રહ્યા છે. ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનું નિધન થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ચિતરંજન સિંઘ ગુજરાતમાં ૧૯૭૬ની બેચના આઈપીએસ અધિકારી હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે આજરોજ ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનુ નિધન થયું છે. તેઓની અચાનક તબિયત લથડકા તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘે ચંદીગઢની જીએમસીએચ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. હવે તેમના નશ્વરદેહને પંજાબના ભટીંડા ખાતે દર્શાનાર્થે લઈ જવામાં આવશે અને ત્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘ Retd. ડીજીપી & એચઓપીએફ ગુજરાત રાજ્યનાઓની આજરોજ અચાનક તબિયત નાદુરસ્ત થતા આજે વહેલી સવારે ૩.૪૨ ચંદીગઢની જીએમસીએચ હોસ્પિટલ, સેક્ટર-૩૨, ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું દુઃખદ અવસાન થયું છે. જેઓની અંતિમ ક્રિયા ભટીંડા પંજાબ ખાતે કરવામાં આવનાર છે.

સુરતમાં પોશ વિસ્તારની પરિણીતા સહિત 3 લોકોની મોતની છલાંગ

સુરત,

સુરત શહેરમાં અલગ અલગ બનાવમાં વેસુની પરિણીતા સહિત ૩ વ્યક્તિએ મોતની છલાંગ લગાવી જીવનનો અંત આણ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ વેસુ સ્થિત નંદનવન-૧ હાઉસિંગમાં રહેતી જયાબેન પ્રમોદભાઈ શર્મા (ઉં-૩૨)ની મંગળવારે ગ્રાઉન્ડ ફ્લોર પરથી લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. જેની જાણ થતાં ઉમરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે જણાવ્યું કે, ૧૧મા માળે રહેતા જયાબેનની તેમના ફ્લેચની સામેના દાદરના પેસેજમાંથી ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેમના પતિ પ્રમોદભાઈ શર્મા કાપડ માર્કેટમાં વેપાર કરે છે. જયાબેનના આપઘાત પાછળનું કારણ જાણી શકાયું નથી. બનાવ અંગે તપાસ ચાલુ છે. બીજા બનાવમાં કાપોદ્રા ખાતે વિશાલનગરમાં રહેતો અનિલ તિવારી (ઉં-૩૬) છેલ્લા ઘણા સમયથી માનસિક બીમાર હતો. દરમિયાન સોમવારે બપોરે ઘરના ત્રીજા માળેથી અનિલે મોતની છલાંગ લગાવી હતી. જેને પગલે અનિલને ગંભીર ઈજા થતાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો. જ્યાં ટૂંકી સારવારમાં અનિલનું મોત થયું હતું. મૃતક અનિલ ત્રણ સંતાનનો પિતા હતો. બનાવ અંગે કાપોદ્રા પોલીસ તપાસ કરી રહી છે.

અન્ય એક બનાવમાં મુળ માંડવીનો વતની અમીર છના ચૌધરી (ઉં-૩૦) પત્ની અને પુત્ર સાથે પીપલોદ પોલીસ લાઈનમાં રહેતા મામા ભગુભાઈ ચૌધરી પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બડાવે છે અને અમીર છેલ્લા ચાર-પાંચ વર્ષથી તેમની સાથે રહેતો હતો. દરમિયાન મીનીબજાર ખાતે નોકરી કરતો અમીર સોમવારે રાત્રે નોકરીએ જવા નીકળ્યા બાદ પોલીસ લાઈનના દસમાં માળેથી કૂદી પડ્યો હતો. અમીરે આપઘાત કર્યો હોવાનું કારણ જાણવા મળ્યું નથી.

સુપ્રીમ કોર્ટનો ક્રાંતિકારી ચુકાદો

હિન્દૂ મહિલા પિતાના પરિવારને પોતાની સંપત્તિમાં ઉત્તરાધિકારી બનાવી શકે છે

ન્યુ દિલ્હી

સંપત્તિમાં વારસદારને દેશની સર્વોચ્ચ અદાલતે મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. જેમાં હિન્દુ મહિલાના પિતાની તરફથી આવત લોકો તેમની સંપત્તિમાં વારસદાર ગણી શકાય છે. બીજી તરફ આ પરિજનોને પરિવારથી બહારના વ્યક્તિઓ તરીકે ગણી શકાય નહીં, તેઓ હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમની કલમ **15.1.D** ના કાર્યક્ષેત્ર હેઠળ આવશે અને સંપત્તિનો વારસદાર પણ ગણાશે.

સુપ્રિમ કોર્ટે પોતાના આ નિર્ણયમાં જણાવ્યું કે મહિલાના પિતાની તરફના કુટુંબીજનો હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમની કલમ ૧૫.૧.ઢ ની હેઠળ આવશે. જસ્ટિસ અશોક ભૂષણની ખંડપીઠે જણાવ્યું કે કલમ ૧૩.૧.ઢને સાંભળીને સ્પષ્ટ કર્યું છે કે પિતાના ઉત્તરાધિકારીઓને વારસદાર માનવામાં આવ્યા છે. જે સંપતિ મેળવનાર હકદાર છે, પરંતુ જ્યારે મહિલાના પિતાની તરફના કુંટુંબીજનોન શામેલ કરવામાં આવવામાં છે. જે સંપત્તિને પ્રાપ્ત કરી શકે છે. તો આ પરિસ્થિતિમાં એવું ના રહી શકાય કે તેઓ પરિવાર માટે અજાણ્યા લોકો છે, અને મહિલાના પરિવારના સભ્યો નથી.

<u>શું છે સમગ્ર મામલો</u>

કોર્ટે આ વ્યવસ્થા એક એવા મામલામાં આપી છે, જેમાં જગ્નો નામની એક મહિલાને તેના પતિની સંપત્તિ મળી હતી. પતિનું ૧૯૫૩માં મોત થઈ ગયું હતુ. તેનુ કોઈ સંતાન ન હતુ. તેથી કૃષિ સંપત્તિનો અડધો હિસ્સો પત્નીને મળ્યો હતો.

ઉત્તરાધિકાર કાયદા, ૧૯૫૬ બન્યા બાદ ધારા ૧૪ અનુસાર, પત્ની સંપત્તિની એકમાત્ર પૂર્ણ વારસદાર બની ગઈ. તે બાદ જગ્નોએ આ સંપત્તિ માટે એક એગ્રીમેંટ કર્યુ અને સંપત્તિ પોતાના ભાઈના પુત્રોના નામે કરી દીધી. તે બાદ તેના ભાઈના દિકરાઓએ ૧૯૯૧માં સિવિલ કોર્ટમાં કેસ કર્યો કે તેને મળી સંપત્તિની માલિકી તેમના પક્ષમાં ઘોષિત કરવામાં આવે. જગ્નોએ તેનો વિરોધ ન કર્યો અને પોતાની ભલામણ આપી દીધી.

<u>સુપ્રીમ કોર્ટના હિન્દુ ઉત્તરાધિકાર કાનૂનની ધારા ૧૫.૧.ડીની વ્યાખ્યા કરી</u>

સુપ્રીમ કોર્ટે હિન્દૂ ઉત્તરાધિકાર કાનૂનની ધારા ૧૫.૧ડીની વ્યાખ્યા કરી અને કહેવામાં આવ્યું છે કે હિન્દૂ મહિલાના પિતા તરફથી આવેલ પરિજન અજાણ્યા નથી, તેઓ પણ પરિવારનો જ હિસ્સો છે. કાનૂનમાં આવેલ શબ્દ પરિવારને સંકીર્ણ અર્થ આપી નહિ શકાય, અને વિસ્તારિત અર્થમાં જોવું પડશે, જેમાં હિન્દૂ મહિલાનો પરિવાર પણ સામેલ હશે. કોર્ટે સાથે એ પણ સ્પષ્ટ કર્યું કે એવી સંપત્તિ જેમાં પહેલાથી અધિકાર સૃજિત છે, એના પર જો કોઈ સંસ્તુતિ ડિક્રી હોય છે તો એને રજીસ્ટ્રેશન એક્ટની ધારા ૧૭.૨ હેઠળ પંજીકૃત કરાવવાની જરૂરત નથી.

રાજુલા અને મહુવા વચ્ચે બિસ્માર રોડના કારણે ટ્રક હાઈવે પરથી ઉતરી ગઈ, ૧૦ લોકોનો બચાવ

અમરેલી,

અમરેલી જિલ્લામાં માર્ગો અતિ બિસમારના કારણે વાંરવાર નાના મોટા અકસ્માતની ઘટના વાંરવાર આવે છે, ત્યારે ફરીવાર આજે મોટી દુર્ઘટના ટળી છે હતી. રાજુલા અને મહુવા વચ્ચે માંડળ ગામ નજીક માર્ગ ખરાબ હોવાના કારણે એક ટ્રક ખાળીયામાં ઉતરી ગઈ હતી. જોકે, સદભાગ્યે ટ્રક અટકી જતાં તેમાં સવાર ૧૦ મજુરોનો બચાવ થયો હતો. ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર અનેક બાઈક ચાલકોના મોત અકસ્માતના કારણે થયા છે.

રાજુલાથી માંડી મહુવા સુધી માર્ગ અતિ બિસમાર અને ધૂળ ઉડવાના કારણે નાના મોટા અકસ્માત સર્જાય છે, ત્યારે ફરીવાર આજે મોટી દુર્ઘટના ટળી હતી. માંડળ ગામ નજીક ખરાબ માર્ગના કારણે એક ટ્રક ખાળીયામાં ટ્રક ઉતરી ગઈ હતી. દુર્ઘટના સર્જાય તે પહેલાં જ ટ્રક અટકી જતાં તેમાં સવાર ૧૦ જેટલા મુસાફરોનો બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.

ટાભાગે સ્ટેટ હાઈવે બિસ્માર રાજુલા ખાંભા જાફરાબાદના ગ્રામીણ વિસ્તારના સ્ટેટ હાઈવે અતિ બિસ્માર હોવાને કારણે વાહન ચાલકો પરેશાન થાય છે અને નાના મોટા અકસ્માત સર્જાય છે વહેલી તકે આ હાઈવેનું સમારકામ નહી થાય અથવા નવા માર્ગ નહી બને તો અકસ્માતની સંભાવના વધુ જોવા મળશે એમાં નવાઈ નહીં.

ધોળા દિવસે વેપારીને છરીના ઘા મારીને જ્વેલર્સમાં લૂંટ

વડોદરા,

વડોદરા શહેરના તાંદલજા રોડ પર રાજવી ટાવર સ્થિતમાં કૃપા જ્વેલર્સના શો-રૂમના માલિક ઉપર લૂંટારૂએ ચાકૂથી જીવલેણ હુમલો કરીને શો-રૂમમાંથી સોનાના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયો હતો. જોકે લૂંટારૂ સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. તાંદલજા રોડ વિસ્તારમાં ધોળે દિવસે બનેલા લૂંટના બનાવે સનસનાટી મચાવી મૂકી હતી. પોલીસે લૂંટના બનાવનો ભેદ ઉકેલવા માટે સીસીટીવી ફૂટેજ કબજે કરીને તપાસનો દોર શરૂ કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં લૂંટારૂ કોઈ જાણભેદુ હોવાનું બહાર આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા શહેરના જે.પી. રોડ પોલીસ વિસ્તારમાં તાંદલજા રોડ ઉપર રાજવી ટાવર આવેલું છે. આ ટાવરના પ્રથમ માળેમાં કૃપા જ્વેલર્સ નામનો શો-રૂમ આવેલો છે. શો-રૂમના માલિક રાજેશભાઈ રમણભાઈ સોની છે. મૂળ પાદરાના વતની અને હાલ જૂના પાદરા રોડ પર પરિવાર સાથે રહેતા ૫૫ વર્ષિય રાજેશભાઈ સોની બપોરના ૧૨:૩૦થી ૧ વાગ્યાની આસપાસ પોતાના શો-રૂમમાં હતા. તે સમયે એક વ્યક્તિ શોરૂમમાં ધસી આવ્યો હતો અને રાજેશભાઈ સોની કંઈ વિચારે તે પૂર્વે ફિલ્મી ઢબે તેઓ ઉપર ચાકૂથી જીવલેણ હુમલો કર્યો હતો અને શો-રૂમના ડિસ્પ્લે તેમજ બે ડ્રોઅરમાં મૂકેલા સોનાના દાગીનાની લૂંટ ચલાવી ગણતરીની મિનિટોમાં ફરાર થઈ ગયો હતો.

બીજી બાજુ શો-રૂમમાંથી ચિસો અને અવાજ ઉઠતા રાજવી ટાવરમાં આવેલી અન્ય દુકાનો અને શો-રૂમના માલિકો-કર્મચારીઓ થતાં દોડી આવ્યા હતા. આ સાથે આ બનાવની જાણ જે.પી. રોડ પોલીસને થતાં પોલીસ કાફલો દોડી આવ્યો હતો. તે સાથે અડિશનલ સી.પી., ડી.સી.પી. ક્રાઈમ, એ.સી.પી., ક્રાઈમ બ્રાંચ, એસ.ઓ.જી. બ્રાંચના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. સ્થળ ઉપર પહોંચેલી પોલીસે પ્રથમ લોહીલુહાણ હાલતમાં શો-રૂમમાં બેસી રહેલા અને ગળાના ભાગે ચાકૂનો ઘા વાગતા ગંભીર ઈજા પામેલા રાજેશભાઈ સોનીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપ્યા હતા. આ બનાવને પગલે શો-રૂમ પાસે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.

જીએસટી ઘટાડવા માટે કેન્દ્રીય નાણામંત્રીને સુમુલ ડેરીના ડિરેક્ટરનો પત્ર

સુરત,

ગુજરાતમાં સહકારી માળખું ખૂબ જ સક્રિય અને મજબૂત છે. તેમાં પણ પશુપાલનના વ્યવસાયમાં ૧૫ લાખ કરતાં વધારે મહિલાઓ ગુજરાતમાં જોડાયેલી છે. દૂધ ઉત્પાદનની કેટલીક પ્રોડક્ટ પર જીએસટી ખૂબ જ ઊંચો લગાડવામાં આવ્યો હોવાની વાત સુમુલ ડેરીના ડિરેક્ટર જયેશ દેલાડ દ્વારા કરવામાં આવી છે. સુમુલ ડેરીના જયેશ દેલાડે નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને આઈસક્રીમ ઉપર લાગતા ૧૮% જીએસટીને દૂર કરી ૫% કરવામાં આવે તેમજ ઘી પર ૧૨% જીએસટીને દૂર કરીને ૫% ટકા કરવામાં આવે તેવા પ્રકારની માગણી કરી છે. કેન્દ્રીય નાણા મંત્રીએ આઈસ્ક્રિમને લક્ઝુરિયસ આઈટમ તરીકે સમાવિષ્ટ કરી છે. સમગ્ર ગુજરાતમાં દર વર્ષે ૧૫,૦૦૦ કરોડનું આઈસ્ક્રીમ વેચાય છે અને સમગ્ર દેશમાં ૩૦,૦૦૦ કરોડનો આઈસ્ક્રિમ વેચાય છે. આઈસ્ક્રિમ ઉત્પાદન કરનારી કંપનીઓમાં સહકારી સંસ્થાઓ સંખ્યા વધુ છે.પશુપાલન સાથે જોડાયેલી લાખોની સંખ્યામાં મહિલાઓ આ વ્યવસાયમાં બાદ વધુ મુશ્કેલીમાં મુકાય છે. ગત વર્ષે માર્ચ બાદ એકાએક કોરોના વાઈરસને કારણે લોકડાઉનની સ્થિતિ નિર્માણ થયું તેના કારણે ૫૦ટકાથી વધુ નુકસાન સહકારી સંસ્થાઓને સહન કરવું પડ્યું છે. સુમુલના ડિરેક્ટરે પત્રમાં આઈસ્ક્રિમ અને ઘીને લક્ઝુરિયસ પ્રોડક્ટમાં ન ગણવા માટે સૂચન કર્યું છે. જો કેન્દ્રીય નાણાપ્રધાન બંને પ્રોડક્ટમાં લગાડવામાં આવેલી જીએસટી ઘટાડીને ૫% ટકા કરે તો સહકારી માળખાને મોટી રાહત થઈ શકે છે. કોરોનાના કારણે આર્થિક નુકશાનને લીધે પશુપાલન ઉદ્યોગમાંથી મહિલાઓ નીકળી ન જાય તે માટે ઝડપથી આ દિશામાં નિર્ણય લેવા આવશ્યક બની રહે તેમ હોવાનું પણ પત્રમાં લખાયું છે.

રાજકોટમાં આગામી ૭ માર્ચથી રાજકોટ-મુંબઈ વચ્ચે બીજી દૈનિક ફ્લાઈટ શરૂ થશે

રાજકોટ

રાજકોટ એરપોર્ટના એર ફ્રિકવન્સીમાં હવે વધારો થવા લાગ્યો છે. ત્યારે રાજકોટથી વધુ એક મુંબઈની સ્પાઈસ જેટની ફ્લાઈટ શરુ જઈ રહી છે. આજથી બેંગલુરુની ફ્લાઈટ શરૂ થઈ છે, દરમિયાન સ્પાઈસ જેટે વધુ એક જાહેરાત કરીને મુંબઈ માટેની બીજી ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં એર ઈન્ડિયાની એક ફ્લાઈટ અને સ્પાઈસ જેટની ફ્લાઈટ મુંબઈ ઉડાન ભરે છે. દિવસમાં બે વખત મુંબઈ માટેની એર ફ્રિકવન્સી છે. આ દરમિયાન સ્પાઈસ જેટ દ્વારા ૭ માર્ચથી ત્રીજી ફ્લાઈટ મુંબઈ માટેની શ થવા જઈ રહી છે. આ ફ્લાઈટનો સમય સાંજનો રાખ્યો છે. જે ટાઈમ મુજબ સાંજે ૭-૧૦ કલાકે મુંબઈથી આગમન અને ૭-૪૦ કલાકે રાજકોટથી પ્રસ્થાન થશે. આમ રાજકોટ એરપોર્ટ ઓથોરિટી દરરોજની ૭ ફ્લાઈટનું સંચાલન સંભાળશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે આગામી ૨૪ માર્ચથી રાજકોટ - બેંગ્લોર ફ્લાઈટ શરૂ થઈ રહી છે ત્યારે આગામી ૧લી માર્ચથી સ્પાઈસ જેટ મુંબઈ - દિલ્હી અને બેંગ્લોર બાદ વધુ એક ફ્લાઈટ રાજકોટ - હૈદ્રાબાદ વચ્ચે શરૂ કરવા જઈ રહી છે. આ સાથે રાજકોટને સ્પાઈસ જેટ દ્વારા મુંબઈ - દિલ્હી - બેંગ્લોર અને હૈદ્રાબાદ એમ કુલ ૪ ફ્લાઈટની ભેટ આપવામાં આવી છે.

જ્યારે હાલમાં એર ઈન્ડિયાની મુંબઈ અને દિલ્હીની માટે બે ફ્લાઈટ રોજ ઉડાન ભરી રહી છે. ૧ મેથી ઈન્ડીગો રાજકોટ બોમ્બે વચ્ચે અને દિલ્હી વચ્ચે ફ્લાઈટ શરૂ કરનાર હતુ તે એરલાઈન્સ કંપની હવે ૨૮ માર્ચથી રાજકોટથી દિલ્હી અને બોમ્બે સહિત ૪ ફ્લાઈટ શરૂ કરે તેવી શકયતા હોવાનું જાણવા મળી રહ્યું છે. જો ઈન્ડીગો એક સાથે ૪ ફ્લાઈટ શરૂ કરશે તો રાજકોટને એકીસાથે ૧૦-૧૦ ફ્લાઈટ મળશે અને રાજકોટનું એરપોર્ટ ફ્લાઈટથી હાઉસફુલ બની જશે.

ગાંધીનગરમાં ફાયર વિભાગે બે મોલ સહિત આપની ઓફિસને માર્યું સીલ

ગાંધીનગર,

ગાંધીનગરના અટીરા બિઝનેસ હબમાં આવેલા આમ આદમી પાર્ટીના કાર્યાલયને ફાયરબ્રિગેડે સીલ મારી દીધુ છે. પાટનગરમાં આપના કાર્યાલય ઉપરાંત અટીરા બિઝનેસ હબની ૩૦થી વધુ દુકાનો અને અન્ય વિસ્તારમાં આવેલા બે મોલ પણ સીલ કરી દેવાતા વેપારીઓમાં દોડધામ મચી છે. ગાંધીનગર ફાયર વિભાગના અધિકારી મહેશ મોડે કહ્યું કે, અવારનવાર નોટીસો આપવા છતાં આજ સુધી સરગાસણનાં અટીરા બિઝનેસ હબ, સિદ્ધરાજ ઝોરીનાં બી - માર્ટ મોલ તેમજ કુડાસણનાં વૃંદાવન ટ્રેડ સેન્ટરમાં આવેલ મેપલ મોલના માલિકોએ ફાયર સેફ્ટીની સુવિધા કરી નથી.

આ એકમોના માલિકોને નોટિસ આપીને ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરી લઈને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી લેવાની સૂચના આપવામાં આવી હતી. ટૂંકમાં તેમને ફાયર સેફ્ટી સંદર્ભે સલામતી માટે શાં શાં પગલા લેવા તે અંગેની પાકી

સમજણ પણ આપવામાં આવી હતી. જે મુજબ તમામ પગલાં લઈને તેની પૂર્તતા થઈ ગઈ હોવાનું પ્રમાણપત્ર તેમણે ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ પાસે મેળવી લેવાનું હતું.

આ સૂચના મુજબ દરેકે સ્થિતિ પ્રમાણે અલગ અલગ વ્યવસ્થા કરવાની હોય છે. ફાયર એક્સ્ટિન્ગ્યુશર, ઓટો મોડયુલર એક્સ્ટિન્ગ્યુશર, બિલ્ડિંગ કોડ પ્રમાણેની વ્યવસ્થા ઊભી કરવા જણાવવામાં પણ આવ્યું હતું. એક મહિનાની તેમને આપવામાં આવેલી મહેતલની અંદર ફાયર સેફ્ટીની વ્યવસ્થા તેમણે ઊભી કરી નથી. જેના પગલે ઉપરોક્ત કોમર્શિયલ બિલ્ડીંગ તેમજ બે મોલ સીલ કરવામાં આવ્યાં છે.

ગાંધીનગર ક્રાઈમ બ્રાંચે રેડ કરી બંધ મકાનમાંથી ૩.૪૩.૪૬ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો

ગાંધીનગર,

ગાંધીનગર સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલા વાંસજડા હુડકોનાં મકાનોમાં ગાંધીનગર ક્રાઈમ બ્રાંચની ટીમે રેડ કરીને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રૂ. ૪૩.૪૬ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેડ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈમ્પોર્ટેડ બ્રાન્ડની ૬૧૮ નંગ બોટલો તેમજ ભારતીય બનાવટની ૪૯૭૮ નંગ બોટલો મળી કુલ. ૫૫૯૬ નંગ બોટલોનો મોટો જથ્થો ઝડપી ગુનો નોંધી ફરાર થઈ ગયેલા બુટલેગરને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીની કડક અમલવારી કરવા તાબાના અધિકારીઓને ખાસ સુચના આપી છે. ત્યારે ગાંધીનગર એસ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળનાં પી.એસ.આઈ એસ.પી જાડેજા અને પી.ડી. વાઘેલા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જોગિન્દર સિંહ તેમજ કોન્સ્ટેબલ સુરેશજીને સંયુક્ત બાતમી મળી હતી કે, વાસજડા ગામમાં આવેલ હુડકોના મકાનમાં બાબુજી લક્ષ્મણજી ઠાકોર નામનો બુટલેગર ભાડૂતી માણસો રાખીને વિદેશી દારૂના વેચાણનું મોટા પાયે રેકેટ ચલાવી રહ્યો છે. જેના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમી વાળી જગ્યાએ તાત્કાલિક રેડ કરી હતી. હુડકોના બાતમી વાળા મકાનમાં ક્રાઈમ બ્રાંચ ટીમ અંદરનો નજારો જોઈને ચોંકી ઉઠી હતી.

મકાનમાં ચારે બાજુ સીલ બંધ ખોખામાં પેક કરેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ રેડ દરમિયાન ઈમ્પોર્ટેડ ફોરેન બ્રાન્ડની જોની વોકર, કટ્ટી શાર્ક બ્લેન્ડર, મંકી સોલ્ડર ધ ઓરીજીનલ બ્લેન્ડર, જે એન્ડ બી રેર બ્લેન્ડ ધ પ્યોર ઓલ્ડ, શિવાસ રીંગલ, જોહની વોકર રેડ લેબલ, જેક ડેનિયલ ઓલ્ડ સેવન, ધ સિંગલ ટોન સિંગલ, એલ સોલ્યુટ વોડકા, ગ્લેન ફીડીચ સિંગલ, જેવી મોંઘા ભાવે વેચાતી કુલ ૬૧૮ નંગ બોટલો જેની કિંમત રૂા. ૨૯ લાખ ૨૭ હજાર ૬૧૦ તેમજ ભારતીય બનાવટની જુદી જુદી બ્રાંડની કુલ ૪૯૭૮ નંગ બોટલો જેની કિંમત રૂા. ૧૪ લાખ ૧૮ હજાર ૫૩૯નો મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.